| | | |
|---|---|---|
| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ<br>સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા -૩૯૦૦૦૭.<br>CIN :U40102GJ2003SGC042907<br>ફેકસ નં. (૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪<br>ફોન નં. (૦૨૬૫) ૨૩૧૦૫૮૩ થી ૮૬<br>ઇમેઇલ : cetech.mgvcl@gebmail.com<br>ઇમેઇલ : ceproj.mgvcl@gebmail.com | TÜV NORD TUV India Private Ltd. ISO 9001 |


## ❖ ડાર્ક ઝોન્ યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ :

રાજ્યમા ડાર્ક ઝોન યોજના અંતર્ગત કૃષિ વિષયક વીજ જોડાણો લેવા ઘણી અરજીઓ પડતર છે. સદર યોજના હેઠળ ગ્રાહકો પાસેથી એચટી / એલટી લાઇન તેમજ ટ્રાન્સકફોર્મરસેન્ટડરવગેરેની રકમ વસુલવામા આવતી નથી. સદર ખર્ચ વીજ વિતરણ કંપનીઓ ઉઠાવતી હોય છે. રાજય સરકાર દ્વારા, ડાર્ક ઝોન યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓનો નિકાલ લાવવા, વધારે કુવાના વિજળીકરણ કરી શકાય તે માટે થનાર ખર્ચ માટેની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને શેર મૂડી તરીકે નાણાકીય સહાય આપવામાં આવે છે.

૧. ડાર્ક ઝોન યોજના રાજયમાં આદિજાતિ વિસ્તાવર્સેસિવાય તથા ડાર્ક ઝોન વિસ્તારોમા અમલી છે.

૨. સદર યોજના માટે સરકારશ્રી તેમજ વીજ વિતરણ કંપની ધ્વારા નાંણાકીય જોગવાઈ કરવામાં આવી છે.

૩. સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ રજીસ્ટ્રેશન ચાર્જીસ ભરી જમીનના જરુરી દસ્તાજવેજો સાથે સંલગ્નો વીજ વિતરણ કંપની ની સબડીવીઝન કચેરી ખાતે અરજી કરવાની રહે છે.

૪. સદર યોજના હેઠળ લાઇન ચાર્જીસ, ટ્રાન્સાર્ફોમર સેન્ટીરના ચાર્જીસ, સવીર્સ કનેકશન ચાર્જીસના બદલે અરજદાર પાસેથી સામાન્ય દરેક ગુજરાત વીજ નિયમન પંચ ધ્વારા નક્કી કરાયેલ ફીકસ ચાર્જીસ વસૂલવામાં આવે છે.

૫. સીકયુરીટી ડીપોઝીટ ગુજરાત વીજ નિયમન પંચના એવોર્ડ મુજબ વસુલ કરવામા આવે છે.

૬. કામગીરી પૂર્ણ થયા બાદ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ આપવાનો હોય છે. બે માસની સમય મર્યાદામા ટેસ્ટ રીપોર્ટ રજૂ ન થાય તો ઓછામા ઓછુ (મીનીમમ) બીલ આકારવામા આવે છે.

૭. સદર યોજના હેઠળ મીટર મૂકીને, પ્રતિ યુનિટ લેખે માત્ર ૬૦/- પૈસાના ના દરે વીજ બીલ આકારવામાં આવે છે.

૮. ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજદાર દ્વારા ડાર્કઝોન યોજનાના ધારા-ધોરણ મુજબ ફરજીયાત સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવાની રહેશે.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે ડાર્કઝોન યોજના હેઠળ કૂલ ૨૭૦૦ કૃષિ વિષયક વીજ જોડાણોનુ વીજળીકરણ કરવાનું આયોજન છે.